ક્રમાંકઃ પ્રાશિનિ/ક-નીતિ/૨૦૨૫/૯૨૩-૯૬૫

પ્રાથમિક શિક્ષણ નિયામકની કચેરી,

બ્લોક નં.12/1, ડૉ.જીવરાજ મહેતા ભવન,

ગુ.રા.ગાંધીનગર

તાઃ-૧૮/૦૭/૨૦૨૪

પ્રતિ,

- જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારીશ્રી-**તમામ**
- શાસનાધિકારીશ્રી-**તમામ**

**વિષયઃ**-રાજયની સરકારી પ્રાથમિક શાળાઓના નિરીક્ષણ તેમજ પ્રાથમિક શિક્ષકોના મહેકમ બાબત.

**સંદર્ભઃ**-શિક્ષણ વિભાગના પત્રક્રમાંકઃ-ED/MIS/e-file/3/2024/1637/CH, Dt:-01-04-2025.

શ્રીમાન,

ઉપરોક્ત વિષય પરત્વે જણાવવાનું કે, શિક્ષણ વિભાગના તાઃ- ૧૧/૦૫/૨૦૨૩ના ઠરાવથી પ્રસિધ્ધ બદલી નિયમોના પ્રકરણઃ- સી(૧) માં થયેલ જોગવાઇ મુજબ વિદ્યાર્થી-શિક્ષકના પ્રમાણ અનુસાર શાળાવાર મહેકમ દર વર્ષે ૩૧ જુલાઈની સ્થિતિએ શાળાના સામાન્ય વયપત્રક (જનરલ રજિસ્ટર - G.R.) પર નોધાયેલ તથા અભ્યાસ ચાલુ હોય તેવી વિદ્યાર્થી સંખ્યાના આધારે રાજયની સરકારી પ્રાથમિક શાળાઓમાં પ્રાથમિક શિક્ષકોનું મહેકમ મંજુર કરવામાં આવે છે.

સામાન્ય રીતે જિલ્લા/નગર શિક્ષણ સમિતિ હસ્તકની સરકારી પ્રાથમિક શાળાઓમાં દર વર્ષે પ્રવેશ મેળવેલ બાળકોની વિગતો Child Tracking system(CTs) માં એન્ટ્રી/અપલોડ કરવામાં આવે છે તેમજ SAS Portal અને Teacher Portal પર વિદ્યાર્થીઓ અને શિક્ષકોની વિગતો અપડેટ કરવામાં આવે છે અને તેને આધીન જિલ્લા કક્ષાએથી રજુ થતી વિગતોને આધારે ૩૧ જુલાઇની સ્થિતિએ આ કચેરી દ્વારા સરકારી પ્રાથમિક શાળાઓમાં પ્રાથમિક શિક્ષકોનું મહેકમ મંજુર કરવામાં આવે છે.

રાજયની સરકારી પ્રાથમિક શાળાઓમાં પ્રાથમિક શિક્ષકોનું મહેકમ મંજુર કરવાની પ્રક્રિયા દરમ્યાન શાળાના સામાન્ય વયપત્રકમાં પર નોંધાયેલ વિદ્યાર્થીઓની સંખ્યામાં ફેરફાર થવાના કારણે શાળામાંથી શિક્ષક/મુખ્ય શિક્ષક વધ ના પડે કે અન્ય સ્કુલમાં જવું ના પડે કે શાળામાં મહેકમ જળવાઇ રહે તે માટે નજીકની વધુ સંખ્યા ધરાવતી સરકારી પ્રાથમિક શાળા કે ખાનગી શાળામાંથી વિદ્યાર્થીઓના એલ.સી કાઢી વિદ્યાર્થીઓની ઓછી સંખ્યાવાળી શાળામાં પ્રવેશ આપી શાળામાં આભાસી વિદ્યાર્થીઓની સંખ્યા દર્શાવી મહેકમ મંજુર કરાવવામાં આવે છે અને ત્યારબાદ મહેકમ મંજુર થયા પછી આવા વિદ્યાર્થીઓને મૂળ શાળામાં પરત પ્રવેશ આપવામાં આવે છે તે મુજબના કિસ્સા શિક્ષણ વિભાગ તેમજ આ કચેરીના ધ્યાને પર આવેલ છે જે ખુબ જ ગંભીર બાબત છે. તાઃ-૩૧/૦૭/૨૦૨૪ ની સ્થિતિએ રાજયની સરકારી પ્રાથમિક શાળાઓમાં મંજુર મહેકમ અંગે ઘટિત થયેલ ઉક્ત મુજબની ઘટનાઓને આ કચેરી દ્વારા ગંભીરતાથી લઇ સંબંધિતો સામે શિસ્ત વિષયક કાર્યવાહી હાથ ધરવામાં આવેલ છે.

રાજયની સરકારી પ્રાથમિક શાળાઓના નિરીક્ષણ માટે મુખ્ય શિક્ષક, બી.આર.સી, સી.આર.સી, કેળવણી નિરીક્ષક, તાલુકા પ્રાથમિક શિક્ષણાધિકારીશ્રી તેમજ જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારીશ્રીઓને ફરજ સોપવામાં આવેલ છે તેમ છતાં આ પ્રકારની ઘટનાઓ બને છે તે ઉચિત બાબત નથી. આવી ઘટનાઓ ન ઘટે તે માટે સરકારી પ્રાથમિક શાળાઓના નિરીક્ષણની ફરજ સોંપેલ છે તે તમામની જવાબદેહીતા નક્કી કરવામાં આવે તે ખુબ જ જરૂરી છે.જે અન્વયે શિક્ષણ વિભાગ દ્વારા સંદર્ભ-૧ ના પત્રથી સરકારી પ્રાથમિક શાળાઓમાં મહેકમ ઘટને સરભર કરવા અન્ય સરકારી પ્રાથમિક શાળાઓ કે ખાનગી શાળામાંથી એલ.સી. કાઢી વિદ્યાર્થીની ઘટવાળી શાળામાં વિદ્યાર્થીઓને પ્રવેશ આપી

આભાસી વિદ્યાર્થી સંખ્યાના આધારે શાળામાં પ્રાથમિક શિક્ષકોનું મહેકમ મંજુર ના થાય તે માટે જરૂરી સુચનાઓ પરિપત્રિત કરવા સુચના આપેલ છે.જે અન્વયે રાજયની સરકારી પ્રાથમિક શાળાઓમાં આભાસી વિદ્યાર્થી સંખ્યા દર્શાવી પ્રાથમિક શિક્ષકોનું મહેકમ મંજુર ના થાય અને ભવિષ્યમાં આવી ઘટનાઓ ન ઘટે તે અર્થે નીચે મુજબની સુચનાઓનું ચુસ્તપણે પાલન થાય તે અંગે આપની કક્ષાએથી સમગ્ર કામગીરીનું સઘન મોનિટરીંગ થાય તે બાબતે અંગત લક્ષ્ય આપી કાર્યવાહી કરવા જણાવવામાં આવે છે.

**સુચનાઓઃ-**

1. તમામ તાલુકા પ્રાથમિક શિક્ષણાધિકારીએ તેમના કાર્યક્ષેત્રની તમામ શાળાઓના ૩૧ જુલાઇ અંતિતની સ્થિતિએ ૧ લી ઓગષ્ટે વર્ગ--રજીસ્ટર અને વયપત્રક રજીસ્ટરના તારીજવાળા છેલ્લા પેજની ઝેરોક્ષ કોપી મેળવી રેકર્ડ પર સાચવવાની રહેશે.
2. જે પ્રાથમિક શાળાઓમાં શુન્ય બાળકો હોય તેવી શાળાઓ તાત્કાલિક અસરથી બંધ કરવા જણાવવામાં આવે છે જો તેમ કરવામાં નહિ આવે તો આ અંગે સબંધિત તાલુકા પ્રાથમિક શિક્ષણાધિકારીશ્રી/જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારીશ્રી/શાસનાધિકારીશ્રીની જવાબદારી નક્કી કરવામાં આવશે. જેની ગંભીર નોંધ લેશો.
3. આપના જિલ્લા/નગરના તમામ તાલુકાના સંબંધિત તાલુકા પ્રાથમિક શિક્ષણાધિકારીશ્રીએ તાબા હેઠળની એવી **સરકારી પ્રાથમિક શાળાઓ કે જ્યાં નજીવી વિદ્યાર્થી સંખ્યામાં ફેરફારના કારણે (ઉ.દા. તરીકે ૬૦ વિદ્યાર્થી સંખ્યા સુધી ૨ શિક્ષક મળવાપાત્ર હોય અને ૬૧ વિદ્યાર્થી સંખ્યા મુજબ ૩ શિક્ષક મળવાપાત્ર થાય તે મુજબના લાગુ પડતા કિસ્સામાં) શિક્ષક/મુખ્ય શિક્ષક વધ થવાની કે મહેકમ જળવાવાની શક્યતા રહેલી છે તેવી તમામ શાળાઓ તેમજ આ શાળાની આજુબાજુ આવેલ શાળાઓમાં ૩૧ જુલાઇની સ્થિતિએ મહેકમ મંજુર થયા અગાઉ અને મહેકમ મંજુર થયા પછીના સમયગાળામાં પ્રવેશ મેળવેલ/એલ.સી. કઢાવેલ હોય તે માટેના કારણોની સઘન ચકાસણી** કરવાની રહેશે.આ ચકાસણી દરમ્યાન કોઇ બાળકના પ્રવેશ કે એલ.સી કઢાવવા બાબતે કંઇ પણ શંકાસ્પદ બાબત જણાય તો તે અંગેની જાણ સંબંધિત જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારીશ્રી/શાસનાધિકારીશ્રીને કરવાની રહેશે. આવી શંકાસ્પદ બાબતની જાણ થયે સંબંધિત જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારીશ્રી/ શાસનાધિકારીશ્રીએ નિયમાનુસારની કાર્યવાહી હાથ ધરવાની રહેશે અને તે અંગેની જાણ આ કચેરીને કરવાની રહેશે.
4. **ક્રમ-૩** માં જણાવેલ બાબતે જો કોઇ ખાનગી શાળાની સંડોવણી હોવાનુ જણાય તો આવી ખાનગી શાળા સામે પણ નિયમાનુસાર કાર્યવાહી હાથ ધરવાની રહેશે.
5. રાજયની સરકારી પ્રાથમિક શાળાઓમાં ૩૧ જુલાઇની સ્થિતિએ પ્રાથમિક શિક્ષકોનું મહેકમ મંજુર થયા બાદ આભાસી વિદ્યાર્થી સંખ્યા દર્શાવી શાળાનું મહેકમ મંજુર થયા અંગેની કોઇ પણ ફરિયાદ કે રજુઆત આ કચેરીના ધ્યાને આવ્યેથી આ ફરિયાદ/રજુઆતની ચકાસણી કરાવવામાં આવશે. સદર ચકાસણીમાં જો કોઇ શિક્ષક કર્મચારી/અધિકારીશ્રીની સંડોવણી જણાશે તો આવા શિક્ષક કર્મચારી/ અધિકારીશ્રી વિરુધ્ધ શિસ્ત વિષયક કાર્યવાહી હાથ ધરવામાં આવશે. જેની ગંભીર નોંધ લેશો.

(ડૉ. એમ. એન. પટેલ)
**નિયામક**
**પ્રાથમિક શિક્ષણ**
**ગુ. રાં. ગાંધીનગર**

**નકલ રવાનાઃ-**

- ઉપસચિવશ્રી, ચ શાખા, શિક્ષણ વિભાગ, સચિવાલય, ગાંધીનગર
- ઉપસચિવશ્રી, ક શાખા, શિક્ષણ વિભાગ, સચિવાલય, ગાંદીનગર